### પંચમહાલમાં વહીવટી ગરમાવો, તલાટીઓની બદલી કરી દેવાતા પ્રજાને ન્યાય મળવાની આશા

## એક જ જગ્યા પર વર્ષોથી અડિંગો જમાવી બેઠેલા 29 તલાટીઓની સામટે બદલી

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા વહીવટી પારદર્શિતા અને ગતિશીલતા લાવવાના હેતુથી એક જ ઝાટકે પગલાં



(પ્રતિનિધિ) ગોધરા, તા.13
પંચમહાલ જિલ્લા પંચાયત તંત્રમાં આજે મોટો વહીવટી ફેરફાર જોવા મળ્યો છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા વહીવટી પારદર્શિતા અને ગતિશીલતા લાવવાના હેતુથી એક જ ઝાટકે જિલ્લાના ૨૯ તલાટી-કમ-મંત્રીઓની બદલીના આદેશો જારી કરવામાં આવતા વહીવટી વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

ખાસ કરીને એક જ ગ્રામ પંચાયતમાં ૫ વર્ષ કે તેથી વધુ સમયથી ફરજ બજાવતા તલાટીઓને અન્યત્ર ખસેડવામાં આવ્યા છે. લાંબા સમયથી એક જ જગ્યાએ રહી કથિત રીતે 'ઈજારાશાહી' ભોગવતા તલાટીઓ સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### તાલુકાવાર બદલીનો આંકડો

- ઘોઘંબા : ૧૧ તલાટી
- કાલોલ : ૦૮ તલાટી
- હાલોલ : ૦૪ તલાટી
- ગોધરા : ૦૩ તલાટી
- મોરવા હડફ : ૦૨ તલાટી
- જાંબુઘોડા : ૦૧ તલાટી

### લાંબા સમયથી જમાવટ ધરાવતા તલાટીઓ ખસેડાયા

આ બદલીઓમાં ઘોઘંબા અને કાલોલ તાલુકામાં ૧૦ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા ૩ તલાટીઓ તેમજ ૯ વર્ષથી એક જ જગ્યાએ રહેલા ૩ તલાટીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત છેલ્લા ૭થી ૮ વર્ષથી ફરજ બજાવતા કુલ ૧૪ તલાટીઓને પણ અન્યત્ર બદલી કરવામાં આવી છે. એક સાથે ૨૯ તલાટીઓની બદલી થતા જિલ્લાના અન્ય કર્મચારીઓમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે અને સમગ્ર જિલ્લામાં વિવિધ તર્ક-વિતર્ક શરૂ થયા છે. જોકે, જિલ્લા પંચાયત તંત્ર દ્વારા આ કાર્યવાહી ને વહીવટી સુધારણા અને પારદર્શિતાની દિશામાં લેવાયેલું મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવી રહી છે.

**ઘોઘંબા અને કાલોલ તાલુકા રડારમાં |** જિલ્લા વિકાસ અધિકારીના હુકમ મુજબ ગોધરા, મોરવા હડફ, કાલોલ, હાલોલ, ઘોઘંબા અને જાંબુઘોડા તાલુકાના તલાટીઓને બદલીનો સામનો કરવો પડ્યો છે. જેમાં સૌથી વધુ અસર ઘોઘંબા અને કાલોલ તાલુકામાં જોવા મળી છે.

## સિંગવડ તાલુકામાં યુરિયા ખાતરની તીવ્ર અછત



(પ્રતિનિધિ) સિંગવડ,તા.13
સિંગવડ તાલુકામાં હાલ યુરિયા ખાતરની ગંભીર અછત સર્જાતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ખેતીમાં ખાતર નાખવાનો યોગ્ય સમય શરૂ થયો હોવા છતાં તાલુકામાં યુરિયા ખાતર ઉપલબ્ધ ન હોવાને કારણે ખેડૂતોને ખાતર મેળવવા માટે ફાફા મારવા પડી રહ્યા છે. ખેડૂતોને ખેતીમાં યુરિયા ખાતરની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ છે, પરંતુ તાલુકાના એગ્રો સેન્ટરો પર યુરિયા ખાતર ન પહોંચતા ખેડૂતો મૂંઝવણમાં પડી ગયા છે.

પરિણામે ખેડૂતોને દૂર-દરાજના વિસ્તારોમાંથી યુરિયા ખાતર ઊંચા ભાવે ખરીદી કરીને લાવવા મજબૂર બનવું પડી રહ્યું છે, જેના કારણે ખેતી ખર્ચમાં વધારો થયો છે. ખાતર મૂકવાનો સમય આવી પહોંચ્યો હોવા છતાં યુરિયા ખાતરની અછત સર્જાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. સરકાર દ્વારા ખેડૂતોને ખેતીના યોગ્ય સમયે સરકારી ભાવે ખાતર ઉપલબ્ધ કરાવવાનું વચન આપવામાં આવે છે, પરંતુ સમયસર પુરવઠો ન મળતા ખેડૂતોને આ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે.

ખેડૂતોનું કહેવું છે કે જો સરકાર દ્વારા યુરિયા ખાતરનો પૂરતો જથ્થો સમયસર ઉપલબ્ધ કરાવવામાં આવે તો તેમને સરકારી નિયત ભાવે ખાતર મળી શકે.

### પંચમહાલના પાંચ તાલુકામાં ખાણ ખનીજ વિભાગના દરોડા

## 3 કરોડ 5 લાખના મુદ્દામાલ સાથે રેતી ભરેલી 7 ટ્રકો ઝડપી પાડતા ખનીજ માફિયાઓમાં ફફડાટ



(પ્રતિનિધિ) ગોધરા, તા.13
પંચમહાલ જિલ્લામાં ખનીજ ચોરીને ડામવા માટે જિલ્લા ખાણ ખનીજ વિભાગે પાંચ તાલુકાઓમાં સપાટો બોલાવ્યો છે. વિભાગની ટીમો આજરોજ જિલ્લાના જાંબુઘોડા, ઘોઘંબા, મોરવા હડફ, કાલોલ અને શહેરા તાલુકામાં રૂટિન ચેકિંગમાં નીકળી હતી તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં જાંબુઘોડા પંથક સહિત ઘોઘંબાના ગોદલી, મોરવા હડફ તેમજ કાલોલના દેલોલ અને શહેરાના ધામણોદ ગામ ખાતે તપાસ હાથ ધરવામાં આવતા ગેરકાયદેસર રેતી ભરેલી સાત જેટલી ટ્રકો ઝડપાઈ ગઈ હતી. તપાસમાં સામે આવ્યું હતું કે આ વાહનોમાં રોયલ્ટી પાસ વિના અથવા નિયમોનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે રેતીનું વહન કરવામાં આવી રહ્યું હતું.

ખાણ ખનીજ વિભાગે સ્થળ પરથી સાત ટ્રકો સાથે ડ્રાઈવર અને ક્લીનર મળી કુલ ૧૨ ઈસમોની અટકાયત કરી હતી. તંત્ર દ્વારા આ ઓપરેશનમાં કુલ રૂપિયા ૩ કરોડ અને ૫ લાખનો જંગી મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે અને જપ્ત કરાયેલા તમામ વાહનોને ગોધરા કલેક્ટર કચેરી ખાતે સીઝ કરીને સુરક્ષિત મુકવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ઝડપાયેલા વાહન ચાલકો સામે કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવતા અને એકસાથે પાંચ તાલુકામાં દરોડા પડતા જિલ્લાના ખનીજ માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## પી.એમ. શ્રી તાલુકા શાળા લીમખેડાના વિદ્યાર્થીઓ કલા ઉત્સવમાં ઝળક્યા



(પ્રતિનિધિ) લીમખેડા, તા.13
લીમખેડા તાલુકાના બી.આર.સી. ભવન ખાતે યોજાયેલા બ્લોક કક્ષાના કલા ઉત્સવમાં પી.એમ. શ્રી તાલુકા શાળા લીમખેડાના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. આ કલા ઉત્સવ દરમિયાન શાળાની વિદ્યાર્થિની પટેલ કિંજલ નરેશભાઈએ બાળ કવિ સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જ્યારે કાલતનીયા મોહિતએ સંગીત વાદન સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો.

આ બંને વિજેતા વિદ્યાર્થીઓને સી.આર.સી. કો-ઓર્ડિનેટર કૌશિક પ્રજાપતિ, પી.એમ. શ્રી તાલુકા શાળા લીમખેડાના આચાર્ય સુરેશભાઈ પ્રજાપતિ તેમજ શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ બંને વિદ્યાર્થી આગામી સમયમાં જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં લીમખેડા તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે, જે સમગ્ર તાલુકા માટે ગૌરવની બાબત છે.

### અધિકારીઓ અને ગામજનો વચ્ચે રજૂઆતો મુદ્દે ઘર્ષણ

## પંચમહાલમાં દિલ્હીનો આદેશ આવતા જ પઢીયાર ગામમાં તંત્ર દોડતું થયું!

સ્વચ્છ ભારત મિશનની લાલિયાવાડી અંગે ચાર અધિકારીઓની ટીમે ગામમાં ધામા નાખી તપાસ કરી



(પ્રતિનિધિ) ગોધરા, તા.13
પંચમહાલ જિલ્લાના પઢીયાર ગામમાં 'સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)' અંતર્ગત ચાલતી કથિત ગેરરીતિ અને પ્રાથમિક સુવિધાઓના અભાવનો મામલો ગાંધીનગરથી સીધો દિલ્હીના જલ શક્તિ મંત્રાલય સુધી પહોંચતા સ્થાનિક તંત્રમાં હડકંપ મચી ગયો છે. કેન્દ્ર સરકારના આદેશ બાદ, ગુજરાત સરકારનું પંચાયત વિભાગ સક્રિય થયું અને તાત્કાલિક તાલુકા કક્ષાએથી ચાર અધિકારીઓની વિશેષ ટીમ બનાવી પઢીયાર ગામમાં તપાસ માટે મોકલવામાં આવી હતી. પઢીયાર ગામના જાગૃત નાગરિક કાનાભાઈ પરમારે કરેલી ફરિયાદ પર દિલ્હીથી ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ગુજરાતના પ્રિન્સિપલ સેક્રેટરીને ગાંધીનગરને સીધો પત્ર મોકલી 'સેન્ટ્રલ ટીમ ઈન્સ્પેક્શન'ની માંગણી સાથે તાત્કાલિક કાર્યવાહીનો આદેશ કરાયો હતો. આ આદેશના ગણતરીના કલાકોમાં જ તંત્ર દોડતું થયું હતું. તાલુકા કક્ષાએથી રચાયેલી ચાર અધિકારીઓની ટીમે પઢીયાર ગામમાં સવારથી લઈને સાંજના સમય સુધી ધામા નાખ્યા હતા. તપાસ દરમિયાન મોટી સંખ્યામાં ગામના યુવાનો અને ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ અધિકારીઓ સમક્ષ ભ્રષ્ટાચાર, નિર્મળ ગુજરાત-સ્વચ્છ ભારત મિશનની નિષ્ફળતા અંગે રજૂઆત કરી હતી.

## હાલોલના દાવડા નજીક હાઈવે ઉપર લાકડા ભરેલો ટેમ્પો પલટી ગયો



(પ્રતિનિધિ) હાલોલ, તા.13
હાલોલ-શામળાજી ટોલ રોડ ઓથોરિટીની ગંભીર પ્રકારની બેદરકારીનો વધુ એક મામલો સામે આવ્યો છે. હાલોલ બાયપાસ રોડ પર દાવડા નજીક કલ્પવૃક્ષ સોસાયટી પાસે હાઈવે ઉપર પડેલા એક વિશાળ પથ્થરના કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટોલ રોડ ઓથોરિટી દ્વારા માત્ર ટોલ વસૂલવા પર જ ધ્યાન આપવામાં આવતું હોવાનું સ્થાનિકોમાં રોષ સાથે કહેવામાં આવી રહ્યું છે, જ્યારે ગાઈડલાઈન મુજબ ટોલ વસૂલતી કંપનીની જવાબદારી છે કે હાઈવેનું નિયમિત ઈન્સ્પેક્શન, જાળવણી અને સમારકામ કરવામાં આવે.પ્રાપ્ત માહિતી મુજબ દાવડા નજીક રોડ ઉપર લાંબા સમયથી એક મોટો પથ્થર પડેલો હતો, જેને હટાવવામાં ન આવતા શુક્રવારના રોજ મોડી રાત્રે જાંબુઘોડાથી લાકડા ભરી સાવલી તરફ જઈ રહેલો એક ટેમ્પો પથ્થર સાથે અથડાઈ પલટી ખાઈ ગયો હતો. સદનસીબે ટેમ્પોમાં સવાર ડ્રાઈવર અને ક્લીનરને કોઈ ગંભીર ઈજાઓ પહોંચી ન હતી. આ જ સ્થળે એક લક્ઝરી બસ પણ અકસ્માતથી બચી ગઈ હતી.

જો લક્ઝરી બસ આ પથ્થર સાથે અથડાઈને પલટી ખાઈ ગઈ હોત તો અનેક મુસાફરોને ઈજાઓ પહોંચવાની સાથે મોટી જાનહાની પણ થવાની શક્યતા હતી. અકસ્માત બાદ મોડી રાત્રે પલટી ખાઈ ગયેલા ટેમ્પોને સીધો કરીને લાકડા ભરવાની અને પથ્થર હટાવવાની કામગીરી કરવામાં આવી હતી.

### એક મહિલા સહિત ત્રણ વ્યક્તિઓના દુઃખદ અવસાન

## દાહોદ જિલ્લામાં ત્રણ અલગ-અલગ ઘટનાઓમાં ત્રણના અપમૃત્યુ

દાહોદ : દાહોદ શહેર તથા જિલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલી અકસ્માત મોતની ત્રણ અલગ ઘટનાઓમાં એક મહિલા સહિત ત્રણ જણાના અટાણે મોત નિપજ્યાની ઘટના સામે આવી છે.

### ઘટના-1 ધાનપુર તાલુકાના નાકટી ગામે ગેસ લીકેજથી મહિલાનું મોત

ધાનપુર તાલુકાના નાકટી ગામના માળ ફળિયામાં ગત રાત્રે સાડા સાત વાગ્યાના સુમારે એક દુઃખદ અકસ્માત સર્જાયો હતોનાકટી ગામના માળ ફળિયામાં રહેતા નવીનભાઈ ચતુરભાઈ બારીયાની પત્ની ૩૫ વર્ષીય ચંદ્રિકાબેન નવીનભાઈ બારીયા પોતાના ઘરમાં રસોઈ બનાવી રહ્યા હતા.આ દરમિયાન અચાનક ગેસના બાટલામાંથી ગેસ લીકેજ થતા આગ ભભૂકી ઉઠી હતી. ગંભીર રીતે દાઝી ગયેલા ચંદ્રિકાબેનને તાત્કાલિક દેવગઢ બારીયાની બુટાલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી વધુ સારવાર માટે દેવગઢ બારીયાની સરકારી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

### ઘટના-2 : દાહોદ શહેરમાં ગટરમાં પડી જતા યુવાનનું મોત

દાહોદ શહેરની રળીયાતી નવી વસાહતમાં રહેતા ૨૭ વર્ષીય નરેશભાઈ રમસુભાઈ બિલવાળ તારીખ ૧૦-૧૨-૨૦૨૫ના રોજ સવારના આઠ વાગ્યાના સુમારે ઘરેથી નીકળ્યા હતા. તેમની લાશ ગઈકાલે બપોરે અગિયાર વાગ્યાના સુમારે દાહોદ જીઈબી ઓફિસ સામે આવેલ નદીના પુલ પાસેની ગટરમાંથી મળી આવી હતી. પોલીસ તપાસ મુજબ નરેશભાઈ અકસ્માતે ગટરમાં પડી ગયા હતા અને ગટરમાં ભરાયેલું પાણી પીવાઈ જતા તેમનું મોત થયું હોવાની નોંધ કરવામાં આવી છે. દાહોદ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધાવી આગળની તપાસ શરૂ કરી છે.

### ઘટના-3 : રળીયાતી રોડ પર વૃદ્ધ અચાનક બેભાન થતા મોત

દાહોદ શહેરના રળીયાતી રોડ પર આવેલા લક્ષ્મીનગર વિસ્તારમાં રાત્રિના સાડા આઠ વાગ્યાના સુમારે ત્રીજી ઘટના બની હતી. લક્ષ્મીનગર મકાન નંબર-૩૦૯માં રહેતા ૬૩ વર્ષીય નરેન્દ્રભાઈ બાગમલ દોશી પોતાના ઘરમાં જમીન પરવારી બેઠા હતા. તે સમયે અચાનક તેઓ બેભાન થઈ પડ્યા હતા. પરિવારજનો તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.

## કાલોલ ખાતે મોબાઈલ વેચાણ રજિસ્ટર નહી રાખનાર 5 દુકાનદારો સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) કાલોલ, તા.13
મોબાઈલ લે વેચ કરવા માટેનું રજીસ્ટર નિભાવવાથી ગ્રાહકોની યાદી મળી રહે છે અને મોબાઈલ કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં વાપરવામાં આવે ત્યારે આ વેચાણ રજીસ્ટર આધારે ઓળખ થતી હોય છે.એસઓજી પોલીસ સ્ટેશન ના પીએસઆઇ બી કે ગોહિલ સ્ટાફ સાથે કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા આ વિસ્તારના મોબાઈલ ફોન વેચતા દુકાનદારો નવા મોબાઈલ ફોન વેચતી વખતે જરૂરી રજીસ્ટર નિભાવતા નથી જે અંગેની જુદીજુદી દુકાનોમાં તપાસ કરતા (૧) ડેરોલ સ્ટેશન રોડ ઉપર આવેલ ફોન બુક મોબાઈલ શોપ ના માલિક કરણકુમાર હિતેનકુમાર ગાંધી રહેવાસી હાઉસિંગ સોસાયટી (૨) ડેરોલ સ્ટેશન રોડ ઉપર આવેલ શ્રીનાથ મોબાઈલ શોપ ના માલિક હાર્દિક તરુણકુમાર પરીખ રહેવાસી શ્રીજી સોસાયટી કોલેજ પાછળ કાલોલ (૩) ડેરોલ સ્ટેશન રોડ પર પૂજારા ટેલિકોમ મોબાઈલ શોપના સુનિલકુમાર સુરેશભાઈ રાવળ રહેવાસી દેલોલ (૪) ડેરોલ સ્ટેશન રોડ ઉપર આવેલ શ્રી ગણેશ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ મોબાઈલ શોપના માલિક અમિતકુમાર પ્રતાપ ચંદ્ર સામવાણી રહેવાસી કાછિયાનીવાડી કાલોલ તથા (૫) ગાંધી પેટ્રોલ પંપ સામે આવેલ જસ્મીન મોબાઈલ શોપ નામ માલિક આદિલ મેહબૂબ રહેવાસી રગડીયા પ્લોટ, સરકારી ગોડાઉન પાસે ગોધરા. આ તમામ દુકાનદારો નવા મોબાઈલ ફોન વેચતી વખતે વેચાણ રજીસ્ટર નિભાવતા ન હોય પોલીસે જીલ્લા મેજિસ્ટ્રેટ ના જાહેરનામા ભંગ બદલ બીએનએસ કલમ 223 હેઠળ તમામ સામે કાર્યવાહી ધરી છે.

### 3 ,429ની એક્સપાયર ખાદ્ય સામગ્રીનો સ્થળ પર નાશ, 31 પેઢીઓની તપાસ

## પાવાગઢમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનું વિશેષ ચેકિંગ અભિયાન, અખાદ્ય સામગ્રીનો નાશ

ચેકિંગ દરમિયાન વિવિધ મસાલા, સોસ, પાપડ સહિત અખાદ્ય ચીજવસ્તુઓ મળી આવી




(પ્રતિનિધિ) હાલોલ, તા.13
સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે પંચમહાલ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિશેષ ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું. પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે પાવાગઢ તળેટી તથા ડુંગર વિસ્તારમાં ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ 31 પેઢીઓની તપાસ કરી હતી.

તપાસ દરમિયાન કુલ 21 ખાદ્ય નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જેને સરકારી પ્રયોગશાળામાં પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવ્યા છે. નમૂનાઓના રિપોર્ટ પ્રાપ્ત થયા બાદ નિયમ મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની યાદીમાં જણાવાયું છે. આ અભિયાન દરમિયાન વેપારીઓને સ્વચ્છતા, ફૂડ સેફ્ટી તથા હાઈજીનિક ફૂડ હેન્ડલિંગના નિયમોનું પાલન કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન વિવિધ મસાલા, સોસ, પાપડ સહિત કુલ રૂપિયા 3,429 કિંમતની એક્સપાયર થયેલી ખાદ્ય ચીજવસ્તુઓ મળી આવતા તેને સ્થળ પર જ નાશ કરવામાં આવી હોવાનું અધિકારીક યાદીમાં વધુમાં જણાવાયું છે.

## સંજેલીના હીરોલા ગામે જઘન્ય હત્યાનો બનાવ જ્વલનશીલ પ્રવાહી છાંટી યુવકને સળગાવી માર્યો

પ્રાથમિક અનુમાન મુજબ યુવકને અન્ય સ્થળેથી લાવી અહીં જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગાવી દેવામાં આવ્યો, એકની અટકાયત

(પ્રતિનિધિ) દાહોદઃ, તા.13
દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના હીરોલા ગામની રંગલી ઘાટી વિસ્તારમાં ગતરોજ સવારે એક યુવકનો સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર સંજેલી સહિત જિલ્લાના પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે સંજેલી પોલીસે હત્યાનો ગુનો નોંધાવી તપાસનો દોર શરૂ કરી એક શખ્સની અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધર્યાનું જાણવા મળ્યું છે.ગતરોજ સવારે હીરોલા ગામના કેટલાક ગ્રામજનો રોજની જેમ પોતાના ઢોરો ચરાવવા રંગલી ઘાટી વિસ્તારમાં ગયા હતા. તે દરમિયાન તેઓને એક સંપૂર્ણ રીતે સળગેલો માનવદેહ નજરે પડતા ચોંકી ઉઠ્યા હતા. બનાવની તાત્કાલિક જાણ સંજેલી પોલીસને કરવામાં આવતા ડીવાયએસપી પટેલ, સંજેલી પી.આઈ. કે. આર. રાવત સહિત પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થળને ચારે બાજુથી કોર્ડન કરી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતદેહ એટલી હદે સળગેલો હતો કે તેની ઓળખ કરવી પોલીસ માટે પડકારરૂપ બની હતી. જોકે, મૃતકના હાથમાં મળેલી સ્માર્ટ ઘડિયાળ અને કડુ મહત્વપૂર્ણ પુરાવા તરીકે પોલીસે કબજે લીધા હતા. પ્રાથમિક અનુમાન મુજબ યુવકને અન્ય સ્થળેથી લાવી અહીં જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગાવી દેવામાં આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે, જેથી પુરાવાનો નાશ થઈ જાય.ઘટના સ્થળે એકત્ર થયેલા લોકટોળાને નિયંત્રિત કર્યા બાદ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નજીકની સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. સાથે જ આસપાસના વિસ્તારોમાં ગુમ થયેલા લોકોની ફરિયાદોની ચકાસણી તેમજ **ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)**ની મદદ લઈ તપાસને વધુ વેગ આપવામાં આવ્યો હતો.

આ મામલે હીરોલા ગામના ખેડા ફળિયામાં રહેતા ૩૯ વર્ષીય ભુપેન્દ્રભાઈ કાળુભાઈ સંગાડાએ સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આશરે ૨૦ થી ૩૦ વર્ષની ઉંમરના એક અજાણ્યા યુવકની કોઈ અજાણ્યા ઈસમોએ અગમ્ય કારણોસર હત્યા કરી, પુરાવાનો નાશ કરવા તેના શરીરે જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગાવી દીધો હતો ફરિયાદના આધારે સંજેલી પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ આગળ ધપાવી છે .